ફો.કેસ નં. :– ૩૬૭/૨૦૧૮
આંક–૪૨નું સાંધણ

**સોગંદ આપ્યા.....**
**બચાવપક્ષે આંક–૪૨થી આરોપી ધ્રુવ નવીનભાઈ ઠકકરની સરતપાસ લગત ફરીયાદી તર્ફે વધુ ઉલટતપાસ વિ.વ.શ્રી એમ.એમ.વાઘેલા**

(૨) એ વાત ખરી છે કે, મંગાવેલ જણસી(માલ) ઉત્પાદન પાકનું પેમેન્ટ વર્ષ ૨૦૧૫–૧૬, વર્ષ ૨૦૧૬–૧૭માં આર.ટી.જી.એસ. થી કરતા હતા. એ વાત ખરી છે કે, સને ૨૦૧૭–૧૮માં હું ફરીયાદી પાસેથી હળવદ માર્કેટયાર્ડમાંથી જણસી જીરૂ, ધાણા,ચણા,એરંડા ખરીદતા હતા.

સવાલ:– જણસી(માલ)ની ખરીદી પેટે પેમેન્ટ તમે તા. ૨૭/૩/૨૦૧૮નાં રોજ રૂા. ૨,૦૦,૦૦૦/– આર.ટી.જી.એસ.થી કરેલ છે ?

જવાબ:– અમોએ જે માલ ખરીદેલ હતો તેનું બાકીનું પેમેન્ટ જી.એસ.ટી. સહીત અમોએ તા. ૨૭/૩/૨૦૧૮નાં રોજ કરેલ છે.

સવાલ:– જે માલ તમે ખરીદ કરેલો તેની બાકી રહેલ પેમેન્ટનો ઈન્ડીયન બેંક,મહેસાણાનો તમારી સહી કરી કોરો ચેક આપેલો ?

જવાબ:– અમોએ જે માલ ખરીદ કરેલો તેનું પેમેન્ટ જી.એસ.ટી. સાથે આર.ટી.જી.એસ.થી અમોએ કરેલ છે, અમાએ ઈન્ડીયન બેંક,મહેસાણાનો ચેક આપેલ નથી, અમારી ગાડી એકક્ષયુવીપ૦૦ ડબલ્યુ૧૦ જેનો નંબર જીજે ૦૧ આરએલ ૫૩૦૦ જે અશોકભાઈ મારા અમદાવાદ ખાતે આવેલ ઘરે મારા પિતાશ્રી પાસેથી તેમની ગાડી બગડી છે તેવું કહીને ગાડી લઈ ગયેલ હતા જેમાં મારી ઈન્ડીયન બેંકની ચેકબુક, આઈ.સી.આઈ.સી.આઈ. બેંકની ચેકબુક, આઈ.ડી.બી.આઈ. બેંકની ચેકબુક તથા મારા પિતાના નામની ઈન્ડીયન બેંકની ચેકબુક અને બેંક ઓફ ઈન્ડીયાની ચેકબુક તથા જરૂરી મહત્વના દસ્તાવેજો અમારી કંપનીને લગતા હતા તે અમારી કારમાં હતા, અશોકભાઈ બે દીવસનું કહીને ગાડી લઈ ગયા હતા તેમની ગાડી બે દીવસમાં રીપેર થઈ જવાની હતી, અમોએ ગાડી પાછી માંગી તો અમને વિશ્વાસ આપેલ હતો કે અમારી ગાડી અને બેગ જેમાં જરૂરી ચેકો તથા અગત્યના દસ્તાવેજો હતા તે અમને પરત આપશે, મારી તથા મારા પિતાની ચેકબુકોમાં સહી કરેલ હતી, અમોએ ચેક આપેલ નથી, અશોકભાઈએ જાતે ચેક લઈ લીધેલો અને ભરેલ છે, અમારુ કોઈપણ માલનું પેમેન્ટ બાકી નથી, અમે જે માલ લીધો હતો તેના બીલ અમોએ નામદાર કોર્ટમાં રજુ કરેલ છે અને તેનું પેમેન્ટ જી.એસ.ટી. સહીત કરી દીધેલ છે.

એ વાત ખરી છે કે, આંક–૩૫ વાળો ચેક બતાવવામાં આવે છે તેમાં કરેલી સહી મારી છે જે

એડી. ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ,
હળવદ.

હું ઓળખી બતાવું છું. એ વાત ખરી છે કે, આંક–૩૬વાળો રીટર્ન મેમો બતાવવામાં આવે છે જેમાં બેંકે પેમેન્ટ સ્ટોપ્ડ બાય ડ્રોઅર નાં શેરા સાથે પરત કરેલાનું લખેલ છે.

સવાલ:– ત્યારબાદ તમને ફરીયાદીના વકીલશ્રી દ્રારા નોટીસ તમે રહેતા હતા તે સરનામે મોકલવામાં આવેલી ?

જવાબ:– મને નોટીસ મળેલ નથી.

હાલ હું શરણમ ટાવર,અમદાવાદ રહું છું. એ વાત ખરી છે કે, પહેલા અમો પદમપ્રભુ સોસાયટી, એઈમ્સ હોસ્પીટલની બાજુમાં, પાલડી, અમદાવાદ મુકામે રહેતા હતા. એ વાત ખરી છે કે, નોટીસ આપેલી ત્યારે હું પદમપ્રભુ સોસાયટી, એઈમ્સ હોસ્પીટલની બાજુમાં, પાલડી, અમદાવાદ મુકામે રહેતો હતો.

આ તબકકે ફરીયાદી તર્ફે મુદત અરજી આપતા સબબ કામ વધુ ઉલટતપાસ માટે મુલતવી.

સ્થળ:– હળવદ.
તારીખ:– ૨૩/૯/૨૦૨૫

સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

મારી રૂબરૂ,

( નિમિષા ગંગારામભાઈ સુરતી)

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

એડી. ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,
હળવદ.